# Std 12 Gujarati Textbook Solutions Chapter 17 મેળો આપો તો

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. પ્રવાહની મધ્યે કવિને શેનો ભાસ થાય છે?**

ઉત્તર :

પ્રવાહની મધ્યે કવિને મૃગજલનો ભાસ થાય છે.

**પ્રશ્ન 2. કવિ કેવું જીવન ઈચ્છે છે?**

ઉત્તરઃ

કોઈ પણ પરિસ્થિતિમાં હંમેશાં આનંદમાં રહે એવું જીવન ઇચ્છે છે.

**પ્રશ્ન 3. સવાર – સાંજ વચ્ચે કવિ શું સામ્ય જુએ છે?**

ઉત્તરઃ

સવાર અને સાંજ વચ્ચે કવિ રંગોની એકતાનું સામ્ય જુએ છે.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. "ટોળા વચ્ચે એકલતા' – સમજ સ્પષ્ટ કરો.**

ઉત્તરઃ

કેટલાક સંતો અને કવિને એકલતા ભરી ભરી લાગે છે. તેઓ માને છે કે મનુષ્યની શક્તિનો વિકાસ કરવાની તક એકલતામાંથી જ પ્રાપ્ત થાય છે. માણસ એકાંતમાં વધારે સારી રીતે વિચારી શકે છે. ઘણી વ્યક્તિઓ ટોળાની વચ્ચે પણ અલિપ્ત રહી શકે છે. કવિનું માનવું એવું છે કે જેને ખરા અર્થમાં કંઈક પામવાની તમન્ના છે એ ટોળા વચ્ચે રહીને પણ સિદ્ધિ મેળવી શકે છે.

**પ્રશ્ન 2. કવિ શી અકળામણ અનુભવે છે?**

ઉત્તરઃ

જીવનમાં આવતા પડકારોનો સામનો કરવાની તાકાત જરાપણ નથી. પડકારો દરિયા જેટલા છે. જીવનમાં નિરાશાઓ છે છતાં મૃગજલ જેવી આશાઓ વધારે દુઃખી કરે છે. કવિને આજ સુધી સુખ મળ્યું જ નથી. જીવનના મધ્યાહ્નની વચ્ચે કવિને એકલતા અકળાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. "મેળો આપો તો' કાવ્યમાં કવિના મનોભાવો આલેખો.**

ઉત્તર:

હરીન્દ્ર દવે લિખિત "મેળો આપો તો' કાવ્યમાં ઉદાત્ત અને દિલદાર માણસની ખૂબીઓ માણવાનો અને એને સતત મનન કરવાનો અવસર આપ્યો છે. પ્રસ્તુત ગીતકાવ્યમાં માનવસ્વભાવની લાક્ષણિકતાનું આલેખન થયું છે.

સામાન્ય રીતે એકલો માણસ એકલતા અનુભવે છે, જ્યારે ટોળું મેળા જેવો આનંદ માણે છે. પણ અહીં કવિને લોકવ્યવહારની આ સામાન્ય બાબત માન્ય નથી. તેઓના મનોભાવો અલગ છે. કેટલાક સંતો અને કવિઓને એકલતા ભરી ભરી લાગે છે.

તેઓ માને છે કે, મનુષ્યની શક્તિનો વિકાસ કરવાની તક એકલતામાંથી જ પ્રાપ્ત થાય છે. માણસ એકાંતમાં વધારે સારી રીતે વિચારી શકે છે. ઘણી વ્યક્તિઓ ટોળાની વચ્ચે પણ અલિપ્ત રહી શકે છે. કવિનું માનવું છે કે જેને ખરા અર્થમાં કંઈક પામવાની તમન્ના છે એ ટોળા વચ્ચે રહીને પણ સિદ્ધિ મેળવી શકે છે. કેટલાકને ટોળું પીડા આપે છે, પરંતુ કોઈ પણ પરિસ્થિતિમાં પ્રસન્ન રહી શકે એવો માણસ જ ખરા અર્થમાં માનવ છે.

કદી સમય અને સંજોગોને આધીન ન બનવું જોઈએ. પણ તેને આપણા આધીન બનાવવા જોઈએ. એ અહીં કવિએ વિવિધ રૂપકો દ્વારા સ્પષ્ટ કર્યું છે.

**પ્રશ્ન 2. કવિ કોનો સંગાથ ઈચ્છે છે ? સંગાથ વચ્ચે પણ કવિને એકલતા શી રીતે કોરી ખાય છે?**

ઉત્તર:

પ્રસ્તુત ગીતકાવ્યમાં માનવસ્વભાવની લાક્ષણિકતાનું અને મનુષ્યની ખૂબીઓનું આલેખન થયું છે. કવિ આ જગતમાં એવા દિલદાર વ્યક્તિનો સાથ ઇચ્છે છે કે જેના માટે સુખ કે દુ:ખ બંને પરિસ્થિતિઓ એકસમાન હોય. એકલતા કે ટોળું તેના પર કોઈ અસર ન કરી શકે.

આ દ્વારા કવિ એમ પણ ઇચ્છે છે કે જો આવી વ્યક્તિનો સાથ મળે તો જીવનના સંઘર્ષો અને ઝાંઝવાના જળ જેવાં સુખોની તેઓ અવગણના કરી શકે. પણ કવિના જીવનમાં ઘણા પડકારો છે. નિરાશાઓમાં આશાનો સંચાર થતો નથી. છતાં મૃગજલ જેવી આશાઓ તેમને લલચાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સુખોના છલકાતા સાગરની વચ્ચે તેઓ સાવ જ તરસ્યા છે. માટે થોડું આપે તોય સંતોષ પામે. જીવનના મધ્યાહ્નની વચ્ચે એક્લતા એમને અકળાવે છે. જીવનના ઊગતા પ્રભાતના ડહોળાતા રંગમાં જો થોડી સાંજનો સોનેરી રંગ કોઈ ઘોળી લાવે અને કોઈએ હોઠે ન અડાડ્યું હોય એવું માનવતાનું અમૃત જગતમાં ફેલાવે એવી કવિની તીવ્ર ઈચ્છા છે.

**પ્રશ્ન 3. નોંધ લખો : 1. “મેળામાં કવિની અનુભૂતિની કલ્પના**

ઉત્તર:

“મેળો આપો તો’ કાવ્યમાં કવિએ માનવજીવનનો મહિમા સ્પષ્ટ કર્યો છે. આ જગતમાં રહીને દરેકને જાતજાતના અનુભવો થાય છે. ઘણા અનુભવો અનેક પ્રકારનું જ્ઞાન મેળવવામાં, પરિસ્થિતિઓને અનુરૂપ થવામાં, સંઘર્ષો સામે લડવામાં મદદરૂપ થાય છે.

કવિ આ જગતમાં રહીને એવું ઇચ્છે છે કે જો સંગાથ આપો તો એવા દિલદાર માનવીનો આપજો જેના દ્વારા માનવતાની મહેક ફેલાવી શકું. ટોળાની વચ્ચે પણ એકલા રહેવાની શક્તિ આપજો. જીવન એવું આપજો હંમેશાં આનંદમાં જ રહ્યું. આ જગતમાં અનેક પડકારોનો સામનો કરી શકું.

નિરાશામાં પણ આશાને જીવંત રાખું. નાની નાની સફળતાથી સંતોષ પામું કેમ કે સુખોના સાગરની વચ્ચે તેઓ સાવ તરસ્યા છે.

જીવનની શરૂઆતમાં આવતી મુશ્કેલીઓમાં સંધ્યાના રંગની લાલીમાં ઘોળીને માનવતાનું અમૃત લોકો સુધી ફેલાવી શકું.

**2. કવિની ઘૂંટાતી વિવળતા.**

ઉત્તર :

પ્રસ્તુત ગીતકાવ્યમાં માનવસ્વભાવની લાક્ષણિકતાનું અને મનુષ્યની ખૂબીઓનું આલેખન થયું છે. કવિ અહીં જીવનની અનિશ્ચિતતાઓ બતાવીને પોતાની વિહ્વળતા પ્રકટ કરે છે.

જીવનમાં આવતા પડકારોનો સામનો કરવાની તાકાત જરાપણ ન હોય એને પડકારો દરિયા જેટલા ઉગ્ર હોય, જીવનમાં નિરાશાઓ છે છતાં મૃગજલ જેવી આશાઓ વધારે દુઃખી કરે છે. સુખોના છલકાતા સાગરની વચ્ચે તેઓ સાવ જ તરસ્યા છે. માટે થોડું આપે તોય સંતોષ પામે.
જીવનના મધ્યાહ્નની વચ્ચે એકલતા એમને અકળાવે છે. જીવનના ઊગતા પ્રભાતના ડહોળાતા રંગમાં જો થોડી સાંજનો સોનેરી રંગ કોઈ ઘોળી લાવે તો સારુ. જેનાથી થોડું દુઃખ ઓછું થાય.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in